©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] FRIDAY, 05th JUNE, 2026/JYAISTHA 15, 1948 [Issue No. 24

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ)નું જાહેરનામું

હુકમ

નાં. એમએજી/સી/પરીક્ષા/૩૭(૧)(એફ)/૨૫/૨૦૨૬/૧.-ભારત સરકાર, શિક્ષણ મંત્રાલયના તા. ૨૦-૦૪-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : D.O. No. N/020/NEET(UG)/2026-NTA ની વિગતે આગામી તા. ૦૩-૦૫-૨૦૨૫ ના રોજ NEET (UG)-2026 ની પરીક્ષા યોજાનાર છે. અત્રેના જિલ્લામાં NEET (UG)-2026 ની પરીક્ષા જવાહર નવોદય વિધાલય, પોરબંદર કેન્દ્ર ખાતે યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓના ભાવિ ઉપર અસર પડવાની સંભાવના હોય તે સંજોગોમાં કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો **મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિકસ ઉપકરણો દ્વારા તેમજ ફોટોસ્ટેટ મશીન દ્વારા** પરીક્ષા ખંડમાં પહોચવાની પુરેપુરી શકયતા અને સંભાવના રહેલ હોય ઈલેકટ્રોનિકસ ઉપકરણો લઈ જવા ઉપર મનાઈ ફરમાવવાની થાય છે. પરીક્ષાર્થીઓને માનસિક પરીતાપ ન થાય, પરીક્ષાઓ ચોરીઓના દુષણ વગર શાંત અને એખલાસભર્યા વાતાવરણમાં યોજાય તેમજ જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ) મુજબ પગલા લેવાનું પુરતુ કારણ છે.

સબબ હું, **રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ) મુજબ મને મળેલા અધિકારની રૂએ પોરબંદર જિલ્લા ખાતેના જવાહર નવોદય વિધાયલ, ઠે. ધરમપુર, નેશનલ હાઈવે નં. ૨૭, જિ. પોરબંદર ખાતે તા. ૦૩-૦૫-૨૦૨૬ ના ૧૩-૦૦ થી બપોરના ૧૭-૩૦ કલાક દરમ્યાન પરીક્ષા કેન્દ્રની આસપાસના ૨૦૦ મીટરના વિસ્તારની હદમાં ફોટોસ્ટેટ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ/મશીનધારકોએ તેમના ઝેરોક્ષ મશીનો ચાલુ રાખવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોના પરિસરમાં કે પરીક્ષા ખંડોમાં ગેરરીતી/ચોરીઓના દુષણો ન થાય તે હેતુથી મોબાઈલ, કેલ્કયુલેટર, ડિજીટલ વોચ, કોઈપણ પ્રકારના ઈલેકટ્રીકલ, મીકેનીકલ, ઈલેકટ્રોનિક ઉપકરણો તેમજ ગેરરીતી આચરવા કોમ્યુનીકેશન થઈ શકે એવા કોઈ પણ પ્રકારના સાધનો/ઉપકરણો લઈ જવા ઉપર મનાઈ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંધન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ અન્વયે સજા થઈ શકશે.

આ હુકમમાં જેને મુકિત આપવામાં આવી હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહી. તેમજ પરીક્ષા જે દિવસે ન હોય તે સમયગાળા દરમ્યાન લાગુ પડશે નહી.

આ હુકમ આજરોજ તા. ૦૨-૦૫-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૦૨ માહે મે, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) હેઠળનું જાહેરનામું

હુકમ

નાં. એમએજી/સી/પરીક્ષા/૩૭(૩)/૨૫/૨૦૨૬/૨.-ભારત સરકાર, શિક્ષણ મંત્રાલયના તા. ૨૦-૦૪-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : D.O. No. N/020/NEET(UG)/2026-NTA ની વિગતે આગામી તા. ૦૩-૦૫-૨૦૨૫ ના રોજ NEET (UG)-2026 ની પરીક્ષા યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો આસપાસ લોકો એકત્ર થાય તેમ જણાય છે તેથી પરીક્ષાર્થીઓને ખલેલ પડે તેવી સંભવના છે. આ પરીક્ષાઓ શાંતિ અને એખલાસભર્યા વાતાવરણમાં યોજાય તથા બીનઅધિકૃત વ્યકિતઓ પરીક્ષાની કામગીરીને દખલ પહોંચાડે નહી તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) મુજબ પગલાં લેવાનું પુરતુ કારણ છે.

સબબ હું, **રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ પોરબંદરના જિલ્લાના આ સાથેના સામેલ જવાહર નવોદય વિધાયલ, ઠે. ધરમપુર, નેશનલ હાઈવે નં. ૨૭, જિ. પોરબંદર ખાતે તા. ૦૩-૦૫-૨૦૨૬ ના ૧૩-૦૦ થી ૧૭-૩૦ કલાક દરમ્યાન પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦-મીટરના વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર કે ચોકમાં ગલીઓમાં બે કે બે કરતા વધારે સંખ્યામાં લોકોએ એકઠા થવું નહી, સરઘસો કાઢવા નહિ, સુત્રો પોકારવા નહી, લાઉડ સ્પીકર કે અન્ય રીતે ઘોંઘાટ થાય તેવી કોઈ કાર્યવાહી કરવી નહી.

આ હુકમમાં જેને મુકિત આપવામાં આવી હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહી. તેમજ પરીક્ષા જે દિવસે ન હોય તે સમયગાળા દરમ્યાન લાગુ પડશે નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ અન્વયે સજા થઈ શકશે.

આ હુકમ આજરોજ તા. ૦૨-૦૫-૨૦૨૬ રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૦૨ માહે મે, સને ૨૦૨૬

રેખાબા સરવૈયા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.07.02 12:46:04 IST